॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

સનાતન ધર્મ પત્રિકા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મીડીયા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● પોષ સુદ - ૧૧ ● તા. ૨૪-૦૧-૨૦૨૧ ● રવિવાર SDP NO: 281 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બે તબક્કામાં યોજાશે

રાજ્યની ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો, ૧૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્થરાજ્યના એકમોની પ્રવર્તમાન ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત

૧. આ સાથે સામેલ પત્રક મુજબની રાજ્યની ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો, ૧૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્થરાજ્યના એકમોની પ્રવર્તમાન ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી બીજાના રાજ્ય ચૂંટણી આયોગે નીચે મુજબની ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

ચૂંટણી કાર્યક્રમ

અ.નં.	વિગત	ચૂંટણી કાર્યક્રમ	
		મહાનગરપાલિકા	જિલ્લા/તાલુકા પંચાયત / નગરપાલિકા
૧	ચૂંટણીની જાહેરાતની તારીખ	૨૩.૦૧.૨૦૨૧	૨૩.૦૧.૨૦૨૧
૨	જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તારીખ	૦૧.૦૨.૨૦૨૧	૦૮.૦૨.૨૦૨૧
૩	ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ	૦૮.૦૨.૨૦૨૧	૧૩.૦૨.૨૦૨૧
૪	ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ	૦૮.૦૨.૨૦૨૧	૧૫.૦૨.૨૦૨૧
૫	ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ	૦૮.૦૨.૨૦૨૧	૧૬.૦૨.૨૦૨૧
૬	મતદાનની તારીખ	૨૧.૦૨.૨૦૨૧ (રવિવાર) સવારના ૭ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી	૨૮.૦૨.૨૦૨૧ (રવિવાર) સવારના ૭ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી
૭	પુનઃમતદાનની તારીખ (જો જરૂરી હોય તો)	૨૨.૦૨.૨૦૨૧	૦૧.૦૩.૨૦૨૧
૮	મતગણતરીની તારીખ	૨૩.૦૨.૨૦૨૧	૦૨.૦૩.૨૦૨૧
૯	ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાની તારીખ	૨૧.૦૨.૨૦૨૧	૦૫.૦૩.૨૦૨૧

લાડકાના વેપારીના અપહરણ બાદ છુટ્કારો . દાખલ કરાયો પોલીસ કેશ

ગાંધીધામના લાડકાના અજાણ વ્યાપારી મુકેશ અઝવાલ નું ગત ૧૯/૧ ના સવારે અપહરણ કરાયું હતું. આ અંગે સજ્યિલ ચક્યાર બાદ અપહરણકારોની ચુંગાલમાંથી જેમતેમ બચીને અવેલા મુકેશ અઝવાલે ગાંધીધામ પોલીસમાં ફરિયાદ નોધાવી છે. તે મુજબ સવારે બ્રેઝમિન્ટન રમીને છોલાની મર્સીડીઝ કારમાં પોતાના લાકડાના બેનસોમાં જઈ રહેલા મુકેશ અઝવાલને વેગનાર કારમાં આવેલા પાંચ શખ્શોએ બંદૂક બતાવી લોખંડની ટામી બતાવી અપહરણ કર્યું હતું. રાપનપુર પાસે તેમને કારમાંથી ઉતારી અપહરણકારો પોતાની આર.જે. ૨૩ સીબી ૩૨૧૩ કાર મા સેલ્ટી રાજસ્થાન ઠેઠવી ગયા હતા.

સુનીલના માંમે સેટલમેન્ટ કરી આપવા દબાણ કરી રવીન્દ્ર અને અન્ય આરોપીઓએ તેમને છોડવા માટે તેમની પાસેથી ૩ કરોડ રૂપિયા ખંડણીના માંગ્યા હતા. ત્યારબાદ તેમને રાજસ્થાનના અલગ અલગ ગામોમાં ફેરવ્યા હતા. ૨૬ડ્ડ બાદ ૩૫ લાખ ચુકવવાના સમાધાન બાદ મુકેશ અઝવાલે પોતાના મિત્ર ભજરંગ શર્મામી મદદથી ૩૫ લાખ રૂપિયા જયપુર સિધ્ધી કેમ્પ પાસે પહોચાડ્યા હતા. જયાં ત્રણ આરોપીઓને પોલીસ લઈ જતા રહ્યા હતા. બાકીના બે આરોપીઓ મુકેશ અઝવાલને ફેરવતા રહ્યા હતા. જો કે, મુકેશ અઝવાલે અપહરણકારોની ચુંગાલમાંથી છુટ્યા કીમિયો લડાવી યા માટે ગાડી રોકવા જણાવ્યું હતું. ત્યાં સામે ગાડી લોકવવાળા ને પોતાની આપવીતી જણાવી મદદ માંગતા લોકવવાળા એ તેમને છુપાવી દીધા હતા.

મુકેશ અઝવાલ ગુમ થઈ જવાની ખબર આવતાં આરોપીઓ ડર લઈને નાસી છુટ્યા હતા. ત્યાર બાદ મુકેશ અઝવાલે પેટીએમ દ્વારા પોતાના મિત્રની મદદ માંગી યા યાવા મા એકાઉન્ટ માં ૧૦ હજાર રૂપિયા જમા કરાવ્યા હતા. લલ્લણ ગઢમાં અન્ય મિત્ર પાસે પહોંચ્યા હતા. જ્યાં તેમના પરિવાર જનો આવ્યા હતા. બાદ જયપુરથી મુંબઈ અને કંડલા વિમાન દ્વારા પેર પહોંચેલા મુકેશ અઝવાલે પે અજ્ઞાત્યા અપહરણકારો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરી છે.

પ્રાન ન્યૂઝ ના આધારે...

આવો જાણીએ આપણા રાષ્ટ્રીય તહેવારો ૧૫મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરી અંગે

સંકલન : કા.વા.રામાણી. કોટડા(જે).

ટૂંક સમયમાં જ દેશ સ્વતંત્ર દિવસ (પ્રજાસત્તાક દિવસ) ઉજવવા જઈ રહ્યો છે તો આ દિવસની ઉજવણી અંગે જાણીએ.

આમ તો આપણો દેશ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદ થયો ત્યારથી ૧૫ મી ઓગસ્ટને આપણે સૌ રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસના રૂપે ઉજવીએ છીએ. પરંતુ આ અવસરે આપણી સરકાર પાસે પોતાનું સ્વતંત્ર બંધારણ નહોતું તેથી પૂર્વ શાસકો અંગ્રેજો ના બંધારણ ને અનુસરીને શાસનની બાગડોર સંભાળી તથા વહેલામાં વહેલી તકે આપણું બંધારણ તૈયાર કરવું એવું નક્કી કરવામાં આવ્યું. તેની જવાબદારી ડો આંબેડકર સાહેબ ને આપવામાં આવી. બહુજ ટૂંક સમયમાં આ તૈયાર બંધારણ ડો.આંબેડકર સાહેબે જાન્યુઆરી ૧૯૫૦ ના પાલમિન્ટ માં રજૂ કર્યું તથા તેનો અમલમાં ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે શરૂ થયો માટે આ દિવસને બંધારણીય દિવસ, ગણતંત્ર દિવસ, પ્રજાસત્તાક દિવસ વગેરે નામોથી ઓળખાયો. બીજા શબ્દોમાં આજના દિવસે જ આપણે સંપૂર્ણ સ્વાધીનતા પ્રાપ્ત કરી. આપણા શાસકોએ આપણા નીતિ નીતિનિયમો સાથે દેશના શાસન ને પ્રારંભ કર્યો. માટે ૧૫મી ઓગસ્ટના સ્વતંત્રતા દિવસની જેમ આજના ૨૬મી જાન્યુઆરીનો ગણતંત્ર દિવસ પણ ભારે મહત્વનો દિવસ હોતાં તે પણ રાષ્ટ્રીય પર્વ તરીકે સ્થાન પામ્યો. એવાજ ઉમદાભાવ અને શાન સાથે સંપૂર્ણ દેશમાં ઉજવાય છે. પ્રથમ ગણતંત્ર દિવસે પ્રથમ રાષ્ટ્રપતિ ડો રાજેન્દ્રપ્રસાદે આપેલા પોતાના ઉદ્બોધન ના શ્રોતા શબ્દો આજે યાદ કરવા ઘટે.....

"આપણા સદીઓ પુરાણા અને વૈદિયસભ્યતા ઈતિહાસમાં આજે પ્રથમ વખત ઉત્તરમાં કાશ્મીર થી દક્ષિણમાં કન્યાકુમારી, પશ્ચિમમાં કચ્છ-કઠીયાવાડ થી પૂર્વમાં આસામનુ કામરૂપ સુધીના પ્રદેશો બંધારણમાં એક જ છત્ર નીચે અવતી ચુકયા છે. બ્રીટીશ કરોડ થી ત્યુ વસ્તી પરાવતા દેશનું વહીવટી તંત્ર ઘરે માત્ર ને તેના લોકોને જ હસ્તગત કરેલ. આપણા પ્રજાસત્તાક ણો હેતુ દેશના નાગરિકો નો ન્યાય, સ્વતંત્રતા, સમાનતા ને સદાભાવ સાચવાનો રહેશે. નરીબી, બીમારી, નિરક્ષરતા, અજ્ઞાનતા દૂર કરવી તે સંપૂર્ણ રીતે આપણી જવાબદારી છે. આજનો દિવસ આપણા માટે ઐતિહાસિકછે.

ભારતની પ્રણના સોને ક્રી ચીઠિયા તરીકે થતી ત્યારે પણ આ સમગ્ર દેશ એક જ જબૂતરા કે કાયદા તળે આવતું નહોતું.

પ્રથમ પ્રજાસત્તાક પ્રથમ રાષ્ટ્રપતિએ આપેલા ઉદ્બોધન ના અંશો.....

આ પ્રસંગે પ્રથમ અતિથિ બન્યા હતા ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકાર્નો...

સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસ ભારતના બને મુખ્ય રાષ્ટ્રીય પર્વ છે પરંતુ ઘણી સામ્યતા સાથે રાષ્ટ્રીય પોરણે થતી ઉજવણી માં જે ધ્યત્ર ફરકાવવામાં આવે છે તે વિધિમાં ઝણ મુખ્ય તફાવત છે. આવો જાણીએ તે કયા કયા.

પ્રથમ ફરક.....

૧૫ મી ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસ ના અવસરે ઝંડા ને નીચે થી ઠોરી માં બાંધી ધ્વજ ફરકાવી ઉપર લઈ જવામાં આવે છે, પછી ઠોરી ખેંચી ઝંડો ખોલી ફરકાવવામાં આવે છે જેને ધ્વજારોહણ કહેવામા છે.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ની એતિહાસિક ઘટના ને સમ્માનિત કરવા માટે આવી પ્રક્રિયા કરવામાં આવે છે. આવી પરંપરા નો પ્રારંભ સ્વતંત્ર દેશના પ્રથમ પ્રધાનમંત્રી નેહરુજી એ કર્યો હતો. આપણા સંવિધાન માં આ વિધિ ને અંગ્રેજી માં Flag Hoisting (ધ્વજારોહણ) કહેવાયું છે.

૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી ગણતંત્ર દિવસ નો પ્રારંભ થયો. આ અવસરે ઝંડાને કર્યક્રમ પહેલાં ધ્વજ ઠ ઉપર બાંધી રાખવામાં આવે છે જેમ સમય પર ઠોરી ખેંચી ને ફરકાવવામાં આવે છે. સંવિધાન માં આ પ્રક્રિયા ને Flag Unfurling (ઝંડો ફરકાવો) કહેવાય છે.

બીજો ફરક.....

૧૫ ઓગસ્ટ ના દિવસે માનનીય પ્રધાનમંત્રીજી કેન્દ્ર સરકારના પ્રમુખ હોય છે તેઓ ધ્વજારોહણ કરે છે. કારણકે પ્રથમ સ્વતંત્રતા પર્વના અવસરે ભારતનું સંવિધાન લાગુ નહોતું થયું અને દેશના રાષ્ટ્રપતિ જેઓ રાષ્ટ્ર ના સંવિધાન ના પ્રમુખ હોય છે તેઓએ પછમાર ઝલણ કર્યો ન હોવાથી આજના દિવસે સંવિધાન ના પ્રમુખ દેશના રાષ્ટ્રપતિ હોવાથી તેઓ ઝંડાને ફરકાવે છે.

ત્રીજો ફરક....

સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા ઉપર ધ્વજારોહણ કરવામાં આવે છે.

જ્યારે ગણતંત્ર દિવસે રાજપથ પર ઝંડાને ફરકાવવામાં આવે છે.

આ છે આપણા મુખ્ય રાષ્ટ્રીય તહેવારો ની ઉજવણી માં પાળવામાં આવતા બંધારણીય નિયમો માં કેરકારો તથા તેના કારણો.

એ સુભાષચંદ્ર બોઝ (બોસ) હતા, બોજ નહી.

આજે જગન્નાથપુરીનું યાત્રાધામ તરીકે જેટલું મહત્વ છે એટલું જ અથવા તો એના કરતાં યે વધારે સન્ ૧૯૪૫ પહેલાં અને દેશ આઝાદ થયા બાદ આ મહામાનવનું નું ને આજે ય છે જ. કારણ કે એ અજેય હતા, છે ને રહેશે. કેટલાક અસિસક જનતાની માનસિકતા ફરાવનાર સિવાય ઈતિહાસે ક્યારેય, આ બાબુ મોશાય વિશે વિવેચન, ક્યાંય (નિદાતા સ્વરુપ માં) સાંભળ્યું નથી.

૧૮૦૩ માં જાનકીનાથ બોસ(ઝાન) ને માં સંતાન તરીકે કટકમાં જન્મ થયો એ રાજ્યિતના બાંધવો માટે ગર્વ ઓઇ ઓનર જેવું જ હતું (બજે શહીદી વહોર્યા પછી અધાય છે એ અલગ વાત છે). દેશમાં આજે ને અત્યારે જે થોડોયણો કટોકટીકાળ ભોગવી રહ્યા હોઇએ તો એનું મૂળ કારણ ભણેલાં ગણેલા અને તીવ્ર બુધ્ધિશાળી ને અંગ્રેજોના સમયમાં ભારતીયો માટે અતિમુશ્કેલ ને દુર્લભ એવી સિવિલ-સર્વિસમાં યોણા નંબરે ઉત્તિર્ણ થઇ પોતાની પ્રતિભાને ઉજાગર કરનારા આવા કેટલાય જુવાનીયાં મરચે (કોઇ એક જ પુરુષની ભક્તિમાં ધર્મોય ને રાષ્ટ્રોય) રાષ્ટ્રને સેવેલું દુર્લક્ષ. એકાકી એવા આ એક રાષ્ટ્રબલ્લતાના વિરસ્કૃત વલણને લીધે જ આવા (સુભાષચંદ્ર જેવા) ખરા રાષ્ટ્રભક્તો, ૧૯૪૭ પછી તો ખરેખર જેની જરૂર હતી તેઓ સમય પહેલાં જ કેટલાક વાદને લીધે, સમય પહેલાં ટ્રોટ પોલિટિક્સના ખપ્પરમાં હોમાઈ આ દેશના દુર્ભાગ્યની એક દાદી ખેંચતા ગયા.

નહીંતર પાકિસ્તાન, કાશ્મીર, બાંગલાદેશ, તિબેટ વગેરે માઠ્ઠેમ જેવી મહાયુકેલીઓ આજે નહીવત અવસ્થામાં હોત. ૧૯૩૮ માં ભારતીય રાષ્ટ્રીય કંગ્રેસના અધ્યક્ષ તરીકે વરાયા બાદ 'રાષ્ટ્રીય યોજના આયોગ'ની સ્થાપના કરનાર આ મહામાણસે મહાત્મા ગાંધીનો પ્રત્યક્ષ તથા પરોક્ષ લગાતાર વિરોધ થતાં ૧૯૩૮ માં સામ ચાલીને જાત જ કંગ્રેસ છોડી (અત્યારે છોડાવવી પડે છે છતાં ઇંકિલોલની માઠક સીધી રહેવું છે, ખભરેય પડવી જોઈએને કે, સ્વાભિમાન એટલે શું!).

એ જમાનામાં ય ગાંધીજીએ સુભાષચંદ્ર માટે, " સુભાષચંદ્ર બોસની જાત એ એમની હાર છે " એવું સ્ટેટમેંટ આપ્યું હતું. જે ખરેખર તો તેમણે એ સમયે કેમ આપ્યું હશે એ તો બાબુ જ જાણે પણ, ઈતિહાસની આવી ઘટનાઓથી હાથવગો વર્તમાન પણ જાણે સરકતો હોય એવું લાગે.

દેશની પરંપરા પણ એવી જ રહી છે કે સાચા ભારતીય મુલ્યો ને રાષ્ટ્રભક્તો એને ક્યારેય માઠ્ઠે નથી આવ્યા પછી એ ભગતસિંહ હોય કે આઝાદ, મદનલાલ ધિંગરા હોય કે આઝાદી પછી હયાત સાવરકરજી હોય. આવા તો કેટલાય હોમાઈ ગયા છે ને રહ્યા છે.

નહીંતર, વિચાર કરો ગાંધીજી માટે "મહાત્મા" પ્રથમવાર પ્રયોજનાર સુભાષચંદ્ર હતા. ૧૯૨૧ માં ભારતમાં બદલાતી જતી રાજનૈતિક ગતિવિધિઓને પોતાના ઠીન અવલોકનથી અનુભવીને દેશ માટે જ પોતાની I.A.S. જેવી કેડર ન્યોછાવર કરી રાષ્ટ્રસિદ્ધ માટે ભારત પરત ફરનાર આ બોસ(ઝ) જ હતા.

યુરોપમાં દેશ માટે જ પગદંડો જમાવી ૧૯૩૭ માં એમની ઓફિશ્યન યુવતી અને સેક્રેટરી એમીલી સાથે લગ્ન કર્યા, જર્મનીમાં હિટલરને મળી, બ્રિટીશ હુકુમત સામે દેશની આઝાદી માટે અસંખ્ય ભોગ આપનાર શ્રી બોસ(ઝ) જ હતા.

જે દેશની રાષ્ટ્રભાષા ના હોય તે વિશ્વભરમાં ક્યાંય ઠકતો નથી એવું માનનારા આ યુગપુરૂષે પોતે બંગાળી હોવા છતાંયે શ્રી જવાહિરલાલયાલ તિવારી પાસેથી કાંકડી હિન્દી શીખીને હિન્દી જ આપણા દેશની રાષ્ટ્રભાષા હોવી જોઈએ એવું વિધાન કરનાર સુભાષ પહેલા હતા. " આઝાદ હિંદ સરકાર " અને " આઝાદ હિન્દ ફૌજ " ની સ્થાપના ૨૧/૧૦/૧૯૪૩ ના રોજ કરનાર આ બાબુ મોશાય જ હતા.

કંગ્રેસે તો ખરેખર ૧૯૩૮ માં જ શ્રી સુભાષચંદ્ર બોસના ત્યાગપત્રથી ત્યાં જ વિદાયમાં થઈ ગઈ. આ તો ત્યાં સુધી ન્યાયી ના નવિકોઈ અવતાર છે જે સોથી વધારે બયજસંગ વરતાય છે વર્ણીય અરાજકતાને લીધે.

બધું જ અસિસાના નામે મળ્યું છે એ વિધાન ખરેખર સાચું હોત તો દેશના ખૂણે ખાંચરે, ઠેર ઠેર 'મહાત્મા મંદિર' હોત. સાચું ને ! ખેર, તેમ છતાંયે ૧૯૫૭ ના વિપ્લવથી સુભાષચંદ્ર બોસ(ઝ) સુધીના કેટલાય સપૂતોની ઈંપરેશનને કારણે હજયે આપણે સુરક્ષિત છીએ ને રહેવાના કારણ કે એ બોઝ હતા બોજ નહી. સુભાષચંદ્ર બોસ(ઝ)ને એમના અવતરણ દિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામના.

ટીમ યુવાસાથ કોટી કોટી વંદન કરે છે આ મહામાનવ સમ સુભાષ ચંદ્ર બોઝ ને..

ચાલો સ્નેહીજનો ને YSK રૂપી સુરક્ષા પ્રદાન કરવાનો ખજે (સુભાષ)પ્રારંભ કરીએ..

હર પરિવારનું... હર વ્યક્તિનું...હર કાર્યકરનું...

મારું.. તમારું... આપણું...

સોનું બંસ એક જ મિશન Y SK

જેથી... બને..

સુરક્ષિત યુવા...

સુરક્ષિત પરિવાર...

સુરક્ષિત સમાજ...

સુરક્ષિત રાષ્ટ્ર...

મિશન 0075 YSK

કાર્ય Hum Se

કાર્ય ❤ દિલસે

Team Yuvasang

2018 -21

ડાર્યાલય મંત્રી ની નવી નિમણૂક



ઓફીસ ઈન્ચાર્જ વંદુભાઈ નિવૃત્ત થતાં યમ નરેશભાઈ રામાણી કોટડા (જે)ની શ્રી એ.આઈ.કે.ગ્રુપ પાટીદાર સમાજ ના "કાર્યાલય મંત્રી" તરીકે નિમણૂક કરવામા આવી છે. તા ૨૫-૧-૨૦૨૧થી કાર્યાલયમાં જવાબદારી સંભાળશે...

કાર્યાલય સમય સવારે ૯-૦ થી સાંજે ૬-૩૦ દરમ્યાન સમાજ સંબંધિત કાર્ય માટે સંપર્ક કરી શકાશે.....

સંપર્ક માટે:-

૭૪૨૫૯ ૮૪૬૦૧

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા

જી.પી.એસ.સી.ની પરીક્ષા આપતા ઘણા ઉમેદવારોને મૂંઝવતા એક સવાલનો સરળ ભાષામાં જવાબ

ઓજસ્વુડિયન અને ટ્રેલેન્ટ મિશન, યુવાસાંગ

- શૈલેષ સગપરિયા

સામાન્ય રીતે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા જેટલી જગ્યા ભરવાની હોય એનના ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત એટલે કે ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવતા હોય છે. પરંતુ કેટલીક વખત એવું બને છે કે જગ્યાની સંખ્યાના ત્રણ ગણાથી પણ વધુ ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે. જેમ કે, હાલમાં ખેતી અધિકારી, વર્ગ-૨ માં ૧૦૧ જગ્યાની સામે ૧૦૨ને બદલે ૪૭૩ ઉમેદવારોને અને પોલીસ ઈન્સપેકટર, વર્ગ-૨ માં ૬૦ જગ્યાની સામે ૧૨૦ને બદલે ૪૮૨ ઉમેદવારોને GPSC એ રૂબરૂ મુલાકાત માટે બોલાવેલા છે.

જ્યારે આવું થાય ત્યારે ઘણા ઉમેદવારોને પ્રશ્ન થાય કે જીપીએસસી આવું કેમ કરતી હશે ? આવું થવા પાછળનું સાચું કારણ શું છે એ આપ સૌ મિત્રોની સમક્ષ મૂકવું છે જેથી મનમાં કોઇ મૂંઝવણ હોય કે કોઇ ગેરસમજણ થાય તો તે દૂર થાય અને સાચી વાત સમજાય.

નિયમ મુજબ જનરલ કેટેગરીના ૬૦-ઓફ માર્ક્સ કરતા અનામત કેટેગરીના ૬૦-ઓફ માર્ક્સ ક્યારેય વધુ ન હોય શકે. આથી જો અનામત કેટેગરીના ૬૦-ઓફ માર્ક્સ વધુ હોય તો અનામત કેટેગરીનું ૬૦-ઓફ જનરલ કેટેગરી જેટલું લાવવામાં આવે છે. એટલે કે જનરલ કેટેગરીના છેલ્લા ઉમેદવારને મેળવેલ માર્ક્સ જેટલા માર્ક્સ ધરાવતા અનામત કેટેગરીના ઉમેદવારોને પણ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે આથી ઉમેદવારની સંખ્યા ૩ ગણી પણ વધી જાય છે.

આપણે એક ઉદાહરણ દ્વારા આ વાતને સમજવાનો પ્રયાસ કરીએ. ધારો કે જીપીએસસીએ ૧૦૦ ઉમેદવારોને પસંદ કરવાના છે. આ ૧૦૦ જગ્યા પૈકી અનામતનીતિ પ્રમાણે જનરલ કેટેગરીની ૪૧, EWS કેટેગરીની ૧૦, SEBC કેટેગરીની ૨૭, SC કેટેગરીની ૦૩ અને ST કેટેગરીની ૧૫ જગ્યાઓ ભરવાની થાય. જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવાના હોય આથી સામાન્ય રીતે જનરલ કેટેગરીના ૧૨૩, EWS કેટેગરીના ૩૦, SEBC કેટેગરીના ૮૧, SC કેટેગરીના ૨૧ અને ST કેટેગરીના ૨૫, આમ, કુલ ૩૦૦ ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામા આવે છે.

ક્યારેક એવું બને છે કે જનરલ કેટેગરીના ૬૦-ઓફ કરતા રિઝર્વ કેટેગરી (ખાસ કરીને EWS અને SEBC)નું ૬૦-ઓફ ઊંચું જાય છે જે ધ્યાને લેતા જો જનરલ કેટેગરીના છેલ્લા (૧૨૩મો) ઉમેદવારે ૭૦ ગુણ મેળવેલ હોય, EWS કેટેગરીના છેલ્લા (૩૦મો) ઉમેદવારે ૧૪૦ અને SEBC કેટેગરીના છેલ્લા (૮૧મો) ઉમેદવારે ૧૨૫ ગુણ મેળવેલ હોય તો EWS અનુ SEBC કેટેગરીનું ૬૦-ઓફ અનુક્રમે ૧૪૦ અને ૧૨૫ થી ઘટાડી ૧૦૦ ગુણ સુધી નીચું લાવવામાં આવે છે. આથી અને SEBC કેટેગરીના ૧૦૦ કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા તમામ ઉમેદવારોને પણ રૂબરૂ મુલાકાતમાં બોલાવવામા આવે.

આમ કરવાથી રૂબરૂ મુલાકાતને પાત્ર કુલ ઉમેદવારોની સંખ્યા વધી જાય છે. જેમા પરિણામે જનરલ કેટેગરીના સજોગોમાં જગ્યાની સંખ્યાના ત્રણ ગણાથી પણ ઘણા વધુ ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામા થાય છે.

આવી જ રીતે ફલાત ૧-૨ની મેઇન્સ પરીક્ષામાં જગ્યાની સંખ્યાના ૧૫ ગણા અને ડીવાએસએસઓ/ડિપ્યુટી મામલતદારની મેઈન્સમાં જગ્યાની સંખ્યાના ૬ ગણા ઉમેદવારોને કવોલીફાઈ કરવાના થતા હોય છે ત્યાં પણ આગળ સમજાવ્યું એ મુજબ ક્યારેક નિર્ધારિત સંખ્યા કરતા વધુ ઉમેદવારો કવોલીફાઈ થતા હોય છે.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૨૪/૦૧/૨૦૨૧



HAPPY BIRTHDAY

ASHOK PARBAT KALARIYA

Conviner Sports DBR

Chennai, M. 9941934504

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને ફુલદેવી શ્રી ઉર્મિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપ્રસ્તા સર્વે સેવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

મિશન યુવા સુરક્ષા કવચ ના 075days.. ની જવાબદારી જરૂર નિભાવશો...

પ્રતિનિધિ :- Nilesh Surani, Talod , 9428063512.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૨૧/૦૧/૨૦૨૧

HAPPY BIRTHDAY

KETAN NARSINHBHAI BHAGAT

ડ્રાઈવર- YSK (સુવા સુરક્ષા ડ્રાચ) Modasa Div. SBR

અમૃતપુરા ડંપા, સોત- 8983557071

JAYANTI PREMJI GORANI

Executive Member SVR, Barakar 8670096933

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને ફુલદેવી શ્રી ઉર્મિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપ્રસ્તા સર્વે સેવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

પોતાના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં લોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જાણો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત.

"સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૩/૧/૨૦૨૧ ના સવાલ નમ્બર - ૨૩૧ :

સવાલ - અહમદશાહે ગુજરાતની રાજધાની પાટણથી ક્યાં ખસેડવાનો નિર્ણય કર્યો જેનું જુનુ નામ આશાવલ હતું હાલનું નામ કયો ?

સાચો જવાબ - અમદાવાદ

સાચો જવાબ આપનાર - જયાબેન ભવાનભાઈ ભાવણી - ઈન્દોર

મો. ૭૫૮૬૬૩૮૩૩૩

આજના પ્રશ્ન માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં લોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જાણો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

ચિંતનકણિકા

કર્મશીલતા...(૩)

'પધપરાગ' પુસ્તકમાં ચિંતક શ્રી નાથાલાલ દવાણીનો એક હૃદયસ્પર્શી સંવાદ યાદ રાખવા જેવો છે—

'જીવન એટલે શું ?' - ઊગતા સૂર્યને મેં પૂછ્યું.

પણ....એણે તો મને કંઈ પણ જવાબ આપ્યા વિના પૃથ્વીને નિરંતર પ્રકાશ આપવાનું કર્તવ્ય આગળ દિવસ બજાવ્યા જ કર્યું.

છેક સાંજે આથમતા પહોળાં કર્તવ્યપૂર્તિના સંતોષથી દીપતા સ્મિત સાથે મને માત્ર આટલું જ કહ્યું : "તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો ને ?"

મેં કહ્યું : 'હા.'

કર્મ માનવીના અંતઃકરણની ઓળખ આપનારો અરીસો છે. કર્મશીલ માનવી પોતાની કર્મશીલતાના આધારે એ અરીસા પરના ડાઘ લુછી શકે છે અને પોતાની છબી વધારે સારી નિહાળી શકે છે.

સિદ્ધિના પ્રત્યેક પગથિયાં ઉપર કર્મનું નામ લખેલું હોય છે. (ક્રમશઃ)

શ્રીમન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International School.

-: અવસાન નોંધ :-

તારીખ ૨૦/૧/૨૦૨૧ બુધવાર

સ્વ. પુષ્પાબેન નરસિંહભાઈ ગોગારી, ઉમર : ૫૦ વર્ષ,

કચ્છ માં ગામ : ટોડીયા, હાલે : બસલકલ્યાણ (કર્ણાટક).

છેક સાંજે આથમતા પહોળાં કર્તવ્યપૂર્તિના સંતોષથી દીપતા સ્મિત સાથે મને માત્ર આટલું જ કહ્યું : "તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો ને ?"

મેં કહ્યું : 'હા.'

કર્મ માનવીના અંતઃકરણની ઓળખ આપનારો અરીસો છે. કર્મશીલ માનવી પોતાની કર્મશીલતાના આધારે એ અરીસા પરના ડાઘ લુછી શકે છે અને પોતાની છબી વધારે સારી નિહાળી શકે છે.

સિદ્ધિના પ્રત્યેક પગથિયાં ઉપર કર્મનું નામ લખેલું હોય છે. (ક્રમશઃ)

શ્રીમન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International School.

સ્વ. કેસરબેન નાનજીભાઈ પોકાર, ઉમર : ૮૩ વર્ષ,

**કચ્છ માં ગામ